# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

1) ભારત અને ફિલિપાઇન્સના વડા આજે નવી દિલ્હીમાં ઉચ્ચ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.

2) સંરક્ષણ મંત્રાલયે પહલગામ આતંકવાદી હુમલાના હુમલાખોરોની ઓળખ અને પૃષ્ઠભૂમિ અંગે કોઈ અહેવાલ જાહેર કર્યો હોવાનો ઇન્કાર કર્યો.

3) આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચો-NDA સંસદીય પક્ષની મહત્વપૂર્ણ બેઠક યોજાશે.

4) હવાઈ મુસાફરી બાબતે ભારત વિશ્વના પાંચમા સૌથી મોટા દેશ તરીકે ઉભરી આવ્યો છે.

5) મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના માટે ખાસ નોંધણી આ મહિનાની 15મી તારીખ સુધી લંબાવી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-PHILIPPINE-PREZ-TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ રોમુઆલ્ડેઝ માર્કોસ જુનિયર આજે નવી દિલ્હીમાં ઉચ્ચ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. શ્રી માર્કોસ ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, બંને નેતાઓ વચ્ચેની વાટાઘાટો દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

વાટાઘાટો દરમિયાન, ભારત અને ફિલિપાઇન્સના દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરવામાં આવશે.

સાંભળીએ એક અહેવાલ....

(VOICE CAST: ANAND)

# MINISTRY-DEFENCE-REPORT

સંરક્ષણ મંત્રાલયે પહલગામ આતંકવાદી હુમલાના હુમલાખોરોની ઓળખ અને પૃષ્ઠભૂમિ અંગે કોઈ અહેવાલ બહાર પાડવાનો ઇનકાર કર્યો છે. મંત્રાલયનું આ નિવેદન સોશિયલ મીડિયા પર દેખાતા અહેવાલો પછી આવ્યું છે.

મંત્રાલયે કહ્યું કે સશસ્ત્ર દળોના જનસંપર્ક કાર્યાલય અથવા કોઈપણ અધિકૃત પ્રવક્તા દ્વારા આવી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. મંત્રાલયે કહ્યું કે આ અહેવાલ એન્કાઉન્ટર પછી વિવિધ સ્ત્રોતોમાંથી મળેલી માહિતી પર આધારિત હોઈ શકે છે.

# NDA-MEETING

આજે સવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચો-NDA સંસદીય પક્ષની એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. NDAના લોકસભા અને રાજ્યસભાના સાંસદો આ બેઠકમાં હાજરી આપશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ બેઠકને સંબોધિત કરશે. બિહારમાં મતદાર યાદીના ખાસ ઊંડાણપૂર્વકના સુધારાના મુદ્દા પર ચર્ચા કરવા માટે વિરોધ પક્ષોની માંગણીને લઈને સંસદમાં મડાગાંઠ વચ્ચે આ બેઠક યોજાઈ રહી છે. વિરોધ પક્ષો ખાસ સુધારાને પાછો ખેંચવાની માંગ કરી રહ્યા છે.

લોકસભામાં વિરોધ પક્ષોના પ્રદર્શનને કારણે ગઈકાલે રાષ્ટ્રીય રમતગમત વહીવટ વિધેયક 2025 અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) વિધેયક 2025 પર ચર્ચા થઈ શકી ન હતી. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું કે વ્યાપાર સલાહકાર સમિતિની બેઠકમાં રાષ્ટ્રીય રમતગમત વહીવટ વિધેયક અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) વિધેયક પર ચર્ચા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે વિરોધ પક્ષોના વર્તનની નિંદા કરી અને સભ્યોને ગૃહનો સમય ના બગાડવાની અપીલ કરી .

# INDIA-AVIATION-MARKET

હવાઈ મુસાફરી બાબતે ભારત વિશ્વના પાંચમા સૌથી મોટા દેશ તરીકે ઉભરી આવ્યો છે. ગયા વર્ષે લગભગ 24 કરોડ 10 લાખ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી અને મુંબઈ-દિલ્હી સૌથી વ્યસ્ત હવાઈ મથક હતા. 2024માં

વિશ્વ હવાઈ પરિવહન અંગે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા જાહેર કરાયેલા ડેટામાં આ માહિતી આપવામાં આવી છે.

ગયા વર્ષે, ભારતમાં હવાઈ મુસાફરી કરનારા લોકોની સંખ્યામાં 2023ની સરખામણીમાં 11 ટકાથી વધુનો વધારો થયો હતો. આ સંદર્ભમાં, ભારત જાપાનથી પણ આગળ હતું, જ્યાં 20 કરોડ 50 લાખ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી. અમેરિકા 87 કરોડ 60 લાખ મુસાફરો સાથે વિશ્વનું સૌથી ટોચ પર છે. ચીન 74 કરોડ 10 લાખ મુસાફરો સાથે બીજા ક્રમે અને બ્રિટન 26 કરોડ 10 લાખ મુસાફરો સાથે ત્રીજા ક્રમે રહ્યું.

આ સંખ્યામાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક હવાઈ મુસાફરી કરનારા તમામ મુસાફરોનો સમાવેશ થાય છે. મુંબઈ-દિલ્હી 10 સૌથી વ્યસ્ત હવાઈ મથકમાં સાતમા સ્થાને હતું, જ્યાં ગયા વર્ષે 5.9 લાખ લોકોએ હવાઈ મુસાફરી કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PMMVY-REGISTRATION-EXTEND

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના માટે ખાસ નોંધણી આ મહિનાની 15મી તારીખ સુધી લંબાવી છે. આંગણવાડી અને આશા કાર્યકરો દ્વારા ઘરે ઘરે જઈને જાગૃતિ અને નોંધણી અભિયાનનો હેતુ બધી સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓ સુધી પહોંચવાનો અને યોજના હેઠળ તેમની સમયસર નોંધણી સુનિશ્ચિત કરવાનો છે.

આ યોજના સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને પૌષ્ટિક ખોરાક માટે નાણાકીય સહાય પૂરી પાડે છે અને તેમને યોગ્ય આરોગ્ય સંભાળ પ્રત્યે જાગૃત કરે છે. તે કન્યાઓ પ્રત્યે સકારાત્મક વિચારસરણીને પણ પ્રોત્સાહન આપે છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, યોજના શરૂ થયા પછી, ચાર કરોડથી વધુ લાભાર્થીઓને તેમના બેંક ખાતા અથવા પોસ્ટ ઓફિસ ખાતામાં સીધા લાભ ટ્રાન્સફર દ્વારા 19 હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ મોકલવામાં આવી છે

# BIMSTEC-MUSIC-FEST-JAISHANKAR

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ગઇકાલે પ્રથમ BIMSTEC પરંપરાગત સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું કે, સંગીત વિવિધ દેશો વચ્ચે સેતુનું કામ કરે છે. તે પોતાના વારસા અને ઓળખને વ્યક્ત કરવા માટે એક શક્તિશાળી માધ્યમ પણ છે.

ડૉ. જયશંકરે કહ્યું, સંગીતને સમાજનો આત્મા માનવામાં આવે છે. કાર્યક્રમમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડના કલાકારોએ પ્રદર્શન કર્યું. ભારતીય સાંસ્કૃતિક સંબંધો પરિષદે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

સાંભળીએ એક અહેવાલ...

(VOICE CAST: MUKESH)

# CENJOWS-FOUNDATION-DAY

સંયુક્ત યુધ્ધ અધ્યયન કેન્દ્ર આજે તેના સ્થાપના દિવસ પર પ્રથમ વાર્ષિક ટ્રાઇડેન્ટ વ્યાખ્યાન શૃંખલાનો આરંભ કરશે. આ પ્રસંગે, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ ઉદ્ઘાટન વ્યાખ્યાન આપશે. વ્યાખ્યાનનો વિષય હશે: "ભવિષ્યના યુદ્ધક્ષેત્ર પર પ્રભુત્વ".

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ માનવ અને માનવરહિત ઉપકરણો વચ્ચેના એકીકરણ પરના તેમના પેપરનું વિમોચન હશે, જેમાં ભારતના પ્રથમ CDS જનરલ બિપિન રાવતને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં, વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ ભવિષ્યના યુદ્ધોમાં ભારતીય વારસાની વ્યૂહરચના અપનાવવા અને ત્રણેય સેનાઓમાં સુધારાની તાત્કાલિક જરૂરિયાત જેવા વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપશે.

# MEA-OIL-IMPORTS

વિદેશ મંત્રાલયે કહ્યું કે, યુક્રેન સંઘર્ષ પછી રશિયાથી તેલ આયાત પર અમેરિકા અને યુરોપિયન સંઘ દ્વારા ભારતને નિશાન બનાવવું સંપૂર્ણ પણે અન્યાયી અને અસંગત છે. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, કોઈપણ મુખ્ય અર્થતંત્રની જેમ, ભારત પણ તેના રાષ્ટ્રીય હિતો અને આર્થિક સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવા માટે સ્વતંત્ર છે.

મંત્રાલયે કહ્યું કે, યુક્રેન સંઘર્ષ શરૂ થયા પછી, તેલનો પરંપરાગત પુરવઠો ખોરવાઈ ગયો હતો, તેથી ભારતે રશિયાથી તેલ આયાત કરવાનું શરૂ કર્યું. મંત્રાલયે કહ્યું, તે સમયે અમેરિકાએ વૈશ્વિક ઉર્જા બજારની મજબૂતાઈ અને સ્થિરતા માટે ભારતની આયાતને ટેકો આપ્યો હતો. મંત્રાલયે ભાર મૂક્યો કે, ભારતની આયાતનો હેતુ ભારતીય ગ્રાહકોને ચોક્કસ અને સસ્તી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.

મંત્રાલયે કહ્યું, ભારતની ટીકા કરનારા દેશો પણ રશિયા સાથે વેપાર કરી રહ્યા છે, જ્યારે તેમના રાષ્ટ્રીય હિત માટે આવું કરવું જરૂરી પણ નથી. મંત્રાલયે કહ્યું, અમેરિકા તેના પરમાણુ ઉદ્યોગ માટે યુરેનિયમ, ઇલેક્ટ્રિક વાહન ઉદ્યોગ માટે પેલેડિયમ અને રશિયાથી ખાતરો અને રસાયણોની આયાત કરી રહ્યું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકિતા શાહ

1) આજના તમામ અખબારોમાં રશિયા પાસેથી ઓઇલ ખરીદનારા ભારતને ટેરિફ વધારવા ટ્રમ્પની ધમકી અને ઇગ્લેંડ સામેની અંતિમ ટેસ્ટમાં ભારતનો ઐતિહાસિક વિજયના સમાચાર હેડલાઇનમાં છે.

2) ગુજરાત સમાચારે લખ્યું છે કે ભારતનો ઇંગ્લેંડ સામે રોમાંચક વિજયઃઅંતે શ્રેણી ડ્રો

3) દિવ્ય ભાસ્કરે ભારતની જીતને ટેસ્ટ ઓફ ઇન્ડિયાના મથાળા સાંથે બિરદાવી છે

4) સંદેશે લખ્યું છે કે ભારતનો ઇગ્લેંડ સામે છ રને દિલધડક વિજય શ્રેણી સરભર

5) રશિયાનું ઓઇલ ખરીદતા ભારત પર વધુ આકરો ટેરિફ ઝીંકાશે તેવુ ટ્રમ્પનું નિવેદન આ હેડલાઇન નવગુજરાત સમયની છે

6) ફૂલછાબ દૈનિકે ચીને જમીન હડપી તેની રાહુલને ખબર કેમ પડી તેવા સુપ્રીમ કોર્ટના સવાલને હેડલાઇનમાં છાપ્યો છે

7) આ ઉપરાંત તમામ અખબારોએ ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શીબુ સોરેનનું નિધન, યુએસના વિઝાની અરજી પર પંદર હજાર ડોલરના બોન્ડ આપવા પડે સંસદની કામગીરી ખોરંભે જેવા સમાચાર પહેલા પાના ઉપર પ્રકાશિત કર્યા છે.

8) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં સીસીટીવી ફૂટેજ ન આપનારા પોલીસ અધિકારીઓને દંડ કરવાની આરટીઆઇ તંત્રની તૈયારી અને રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની નહિવત શક્યતાના સમાચાર પણ દરેક અખબારોએ છેલ્લા પેજ ઉપર છાપ્યાં છે